Royal College of Anaesthetists

# એનેસ્થેટિક્સ –

# જોખમો અને આડઅસરો

# છાતીમાં ચેપ

## આ પત્રિકા વિશે

આ પત્રિકા સામાન્ય એનેસ્થેટિક પછી છાતીમાં ચેપ લેવાનું જોખમ છે. જો તમને જનરલ એનેસ્થેટિક આપવામાં આવે તો આ એક આડઅસર તમે અનુભવશો. આ પત્રિકા છાતીમાં ચેપના કારણો અને તેના વિશે શું કરી શકાય તે સમજાવે છે.

જનરલ એનેસ્થેટિક્સ એવી દવાઓ છે જે ગાઢ ઊંઘ જેવી અવસ્થાની અનુભૂતિ આપે છે. તે કેટલાક ઓપરેશન અને પ્રક્રિયાઓ માટે અનિવાર્ય છે. જનરલ એનેસ્થેટિક દરમિયાન, તમે બેભાન હશો અને કંઈપણ અનુભવી શકતા નથી.

તમે વિવિધ પ્રકારના એનેસ્થેટિક્સ વિશે વધુ વિગતો અમારી વેબસાઇટ પર વાંચી શકો છો જે અહીં વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે: www.rcoa.ac.uk/patientinfo/translations#languages.

## છાતીમાં ચેપ શું છે અને તે શસ્ત્રક્રિયા પછી કેમ થઈ શકે છે?

- ખાંસી તમારા ફેફસાંમાંથી કફ દૂર કરે છે. કફ એ તમારા ફેફસાં અને છાતીમાં રહેલો લાળ છે.
- સામાન્ય એનેસ્થેટિક્સ ફેફસાંમાંથી કફ કેવી રીતે બહાર નીકળે છે તેના પર અસર કરી શકે છે.
- કેટલાક ઓપરેશનો પીડાદાયક અથવા ખાંસી મુશ્કેલ બનાવે છે.
- જો તમે ખાંસી ન કરી શકો અને કફ સરળતાથી દૂર ન કરી શકો, તો તે તમારા ફેફસાંમાં જમા થઈ શકે છે અને ચેપ વિકસી શકે છે. ઉદાહરણ તરીકે, ન્યુમોનિયા એ છાતીના ચેપનો એક પ્રકાર છે.

## આવું થવાની શક્યતા કેટલી છે?

તમને છાતીમાં ચેપ લાગવાની શક્યતા વધુ છે, અને પછી વધુ કાળજીની જરૂર છે, જો:

- તમને લાંબા ગાળાની બીમારી છે અથવા શસ્ત્રક્રિયા પહેલાં તમારી તબિયત ખૂબ જ ખરાબ છે.
- સર્જનરી પછી તમારા માટે અસરકારક રીતે ખાંસી કરવી મુશ્કેલ છે, ઉદાહરણ તરીકે, જો તમારા પેટ (પેટ) પર સર્જનરી થઈ રહી હોય અથવા તમારી ગતિશીલતા મર્યાદિત હોય
- તમે ધૂમ્રપાન કરનાર છો.

### આ જોખમી પરિબળો ધરાવતા દર **100** લોકોમાંથી



2-20 લોકોને છાતીમાં ચેપ લાગ્યો

લગભગ **80–98** લોકોને આવું થયું નથી

આ આંકડા સંશોધન અભ્યાસોમાંથી લેવામાં આવ્યા છે. તમે અમારી વેબસાઇટ પર જોઈ શકો છો કે અમને આ નંબર ક્યાંથી મળ્યા છે: www.rcoa.ac.uk/patientinfo/risks/evidence.

## જો મને છાતીમાં ચેપ લાગે તો શું?

તમારી સંભાળ રાખતી ટીમ તમને છાતીમાં ચેપ છે કે નહીં અને તેનું કારણ શું છે તે જોવા માટે કેટલાક પરીક્ષણો કરશે.

- છાતીમાં ચેપ લાગવાથી તમને શ્વાસ લેવામાં તકલીફ પડી શકે છે. જો આવું થાય તો તમારી સંભાળ રાખતી ટીમ તમને મદદ કરશે. ઉદાહરણ તરીકે, તેઓ તમને માસ્ક દ્વારા ઓક્સિજન આપી શકે છે.
- તમને છાતી કે પીઠનો દુખાવો થઈ શકે છે અને ખૂબ થાક લાગે છે.
- ક્યારેક તમારું બ્લડ પ્રેશર ઘટી શકે છે અને તમારા હૃદયના ધબકારા ઝડપથી વધી શકે છે. તમારી ટીમ તમારા બ્લડ પ્રેશર અને હૃદયના ધબકારાનું નિરીક્ષણ કરશે.

## છાતીના ચેપની સારવાર કેવી રીતે કરવામાં આવે છે?

છાતીના ચેપની સારવાર માટે તમારી સંભાળ રાખતી ટીમ વિવિધ બાબતો કરી શકે છે.

### એન્ટિબાયોટિક્સ

છાતીમાં ચેપ બેક્ટેરિયા અથવા વાયરસથી થઈ શકે છે. જો તમારો ચેપ બેક્ટેરિયાથી થયો હોય તો તમારા ડૉક્ટર તમને એન્ટિબાયોટિક્સ આપી શકે છે. એન્ટિબાયોટિક્સ આના દ્વારા આપી શકાય છે:

- એક કેન્યુલા ('ટપક'), એક ખૂબ જ પાતળી પ્લાસ્ટિકની નળી જે તમારી નસમાં જાય છે.
- તમે ગળી જાઓ છો તે ગોળીઓ.

### નસમાં પ્રવાહી

તમારી ટીમ તમને સીધા તમારી નસમાં કેન્યુલા દ્વારા પ્રવાહી આપી શકે છે. આ તમારા ફેફસાંમાં કફને નરમ કરવામાં મદદ કરે છે જેથી ખાંસી બહાર કાઢવામાં સરળતા રહે. આ ચેપ સામે લડવામાં પણ મદદ કરી શકે છે.

### ઓક્સિજન

ક્યારેક તમારા નાકમાં ફેસમાસ્ક અથવા નાની પ્લાસ્ટિક ટ્યુબ દ્વારા ઓક્સિજન આવી શકે છે. ઓક્સિજન ખૂબ ઘોંઘાટીયા હોઈ શકે છે અને તમારા મોં અને નાકને સૂકવી શકે છે.

જો તમારો ચેપ ખૂબ જ ગંભીર હોય, તો તમારે સઘન સંભાળ એકમ અથવા ઉચ્ચ નિર્ભરતા એકમમાં સંભાળ રાખવાની જરૂર પડી શકે છે. જરૂર પડ્યે મશીન (વેન્ટિલેટર) તમને શ્વાસ લેવામાં મદદ કરી શકે છે. જો તમને આ મશીનની જરૂર પડશે તો તમને બેભાન કરી દેવામાં આવશે.

## ફિઝીયોથેરાપી

ટીમ તમને ફિઝિયોથેરાપિસ્ટ પાસે મોકલી શકે છે જે તમને કફથી છુટકારો મેળવવા માટે વધુ અસરકારક રીતે શ્વાસ અને ખાંસી કેવી રીતે લેવી તે બતાવશે.

# તેને રોકવામાં શું મદદ કરી શકે?

જો તમારા એનેસ્થેટિસ્ટને લાગે કે તમને છાતીમાં ચેપ લાગવાનું જોખમ હોઈ શકે છે, તો તેઓ ઓપરેશન પહેલાં તમારી સાથે વાત કરશે. તેઓ તમારી સાથે નીચેના મુદ્દાઓ પર ચર્ચા કરશે:

- સર્જરી પછી તમને છાતીમાં ચેપ થવાની શક્યતા કેટલી છે?
- શું કોઈ અલગ પ્રકારનું એનેસ્થેટિક તમારા માટે યોગ્ય છે, ઉદાહરણ તરીકે, પ્રાદેશિક એનેસ્થેટિક
- છાતીમાં ચેપ થવાનું જોખમ ઘટાડવા માટે શસ્ત્રક્રિયા પછી તમને વધારાની સંભાળની જરૂર પડી શકે છે કે કેમ. ઉદાહરણ તરીકે, તમારા શ્વાસ લેવામાં મદદ કરવા માટે તમને વધારાની પીડા રાહત અથવા ફિઝીયોથેરાપીની જરૂર પડી શકે છે.

# હું મારી જાતે શું કરી શકું?

## ઓપરેશન પહેલા

- જો તમને ફ્લૂની રસી આપવામાં આવે, તો તમારે તે લેવાનું વિચારવું જોઈએ કારણ કે આ છાતીમાં ચેપનું જોખમ ઘટાડી શકે છે.
- જો તમે ધૂમ્રપાન કરો છો, તો હોસ્પિટલમાં જવાના છ અઠવાડિયા પહેલા છોડી દેવાનો પ્રયાસ કરો. જો તમે છોડી શકતા નથી, તો તમારા ઓપરેશન પહેલાના દિવસોમાં બંધ કરવાનો પ્રયાસ કરવો મહત્વપૂર્ણ છે. આનાથી તમારા ફેફસાંને ધુમાડાના નુકસાનમાંથી સ્વસ્થ થવાનો સમય મળે છે અને તેમને ચેપ સામે વધુ પ્રતિરોધક બનાવે છે.
- મદદ www.nhs.uk/smokefree અને www.cpoc.org.uk/stopping-smoking પર ઉપલબ્ધ છે.

## શસ્ત્રક્રિયા (ઓપરેશન) પછી

- જો તમને સર્જરી પછી દુખાવો થાય, તો તરત જ ટીમને જણાવો. તેઓ તમને ઊંડા શ્વાસ લેવા અને ખાંસીને વધુ સરળતાથી દૂર કરવા માટે પૂરતી પીડા રાહત આપી શકે છે.
- તમને પ્રવાહી પીવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આનાથી તમારા ફેફસાંમાં કફ નરમ અને ખાંસીમાંથી બહાર નીકળવામાં સરળતા રહે છે.
- શસ્ત્રક્રિયા પછી અસરકારક રીતે શ્વાસ લેવા અને ખાંસવામાં મદદ કરવા માટે તમારી ટીમે તમને આપેલી કોઈપણ કસરત કરો.

## અસ્વીકરણ

અમે આ પત્રિકામાંની માહિતીને સચોટ અને અદ્યતન રાખવા માટે ખૂબ જ પ્રયત્નો કરીએ છીએ, પરંતુ અમે તેની ખાતરી આપી શકતા નથી. અમે અપેક્ષા રાખતા નથી કે આ સામાન્ય માહિતી તમારી તમામ શંકાઓને આવરી લેશે અથવા તમારા માટે મહત્વપૂર્ણ હોય શકે તેવી દરેક વસ્તુ સાથે વ્યવહાર કરશે. માર્ગદર્શિકા તરીકે આ પત્રિકાનો ઉપયોગ કરીને તમારે તમારી પસંદગીઓ અને તમારી કોઈપણ ચિંતાઓ વિશે તમારી તબીબી ટીમ સાથે ચર્ચા કરવી જોઈએ. આ પત્રિકા તેના પોતાના પર સલાહ તરીકે ગણવામાં આવવી જોઈએ નહીં. તેનો ઉપયોગ કોઈપણ વ્યાપારી અથવા વ્યવસાયિક હેતુ માટે થઈ શકતો નથી. સંપૂર્ણ અસ્વીકરણ માટે કૃપા કરીને જુઓ: (www.rcoa.ac.uk/patient-information/translations/gujarati).

બધા અનુવાદો ટ્રાન્સલેટર્સ વિધાઉટ બોર્ડર્સના અનુવાદક સમુદાય દ્વારા કરવામાં આવ્યું છે. આ અનુવાદોની ગુણવત્તા શક્ય તેટલી સચોટ બનાવવા માટે ચકાસવામાં આવે છે, પરંતુ કેટલીક માહિતીની અચોક્કસતા અને ખોટી અર્થઘટનનું જોખમ રહેલું છે.

# તમે શું વિચારો રહ્યાં છો તે અમને જણાવો

અમે આ પત્રિકામાં સુધારો દર્શાવતા સૂચનોનું સ્વાગત કરીએ છીએ.

જો તમારી પાસે કોઈ ટિપ્પણી છે જે તમે કરવા માંગતા હો, તો કૃપા કરીને તે ઇમેઇલ કરો:
patientinformation@rcoa.ac.uk

**Royal College of Anaesthetists**
ચર્ચિલ હાઉસ, 35 રેડ લાયન સ્ક્વેર, લંડન WC1R 4SG

## www.rcoa.ac.uk

છઠ્ઠી આવૃત્તિ, નવેમ્બર 2024

પ્રકાશનની તારીખના ત્રણ વર્ષમાં આ પત્રિકાની સમીક્ષા કરવામાં આવશે.

**© 2024 Royal College of Anaesthetists**
આ પત્રિકાની દર્દીની માહિતી સામગ્રીઓ બનાવવાના હેતુથી નકલ કરવામાં આવી શકે છે. કૃપા કરીને આ મૂળ સ્રોતનો ઉલ્લેખ કરો. જો તમે આ પત્રિકાના ભાગનો ઉપયોગ અન્ય પ્રકાશનમાં કરવા માંગતા હો, તો યોગ્ય સ્વીકૃતિ આપવી જોઈએ અને લોગો, બ્રાન્ડિંગ, છબીઓ અને ચિહ્નો કાઢી નાખવા જોઈએ. વધુ માહિતી માટે, કૃપા કરીને અમારો સંપર્ક કરો.